વિવરણ - ૪૭/૪૮

તત્ત્વાર્થ સૂત્ર : અધ્યાય-૮

Review Questions # 19

Sutra 8-1 to 8-12

True / False ? (If it is false explain why ?)

૧ ___ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ કષાયના આધારે થાય છે.

૨ ___ આઠ કર્મોના બંધના ક્રમમાં વેદનીય કર્મનો બંધ પાંચમો કહેવાય

3 ___ અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વ ગુણનો ઘાતક છે.

૪ ___ મિથ્યાદર્શન ૧૮ મું પાપસ્થાનક કહેવાય

૫ ___ દેવગતિ નામ કર્મનો ઉદય પ્રાપ્ત થયેલ દેવભવમાં પકડી રાખે છે.

૬ ___ સંજ્વલન કષાય વીતરાગત્વને રોકે છે.

૭ ___ વિકલેન્દ્રિય જીવોને સંઘયણ હોતા નથી.

૮ ___ લોભ એટલે મૂર્છા, આકાંક્ષા, આસક્તિ

૯ ___ દર્શનાવરણ કર્મને "રાજભંડારી" ની ઉપમા આપી છે.

૧૦ ___ તંદુરસ્ત અને રૂપાળા શરીર વાળાનું સંસ્થાન "સમચતુરસ્ત્ર સંસ્થાન" હોય

૧૧ ___ ચક્ષુદર્શનાવરણ આદિ ચાર કર્મોના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલી દર્શન લબ્ધિને "નિદ્રાપંચક" રોકે છે.

૧૨ ___ પ્રત્યાખ્યાનાવરણ કષાય દેશવિરતિને રોકે છે.

૧૩ ___ અંગોપાંગ નામકર્મના ત્રણ ભેદ છે.

૧૪ ___ આયુષ્ય કર્મ ભવમાં એક જ વાર બંધાય છે.

૧૫ ___ અભવ્યજીવમાં અનાભિગ્રાહિક મિથ્યાત્વ ન હોય

૧૬ ___ અનપવર્તનીય આયુષ્ય નિયમા "સોપક્રમ" જ હોય.

૧૭ ___ દેવોના શરીરમાં સંઘયણ ન હોય

૧૮ ___ મૃત્યુ પછી જીવ કઈ ગતિમાં જન્મ લેશે તેનો આધાર મૃત્યુ વખતે ઉત્પન્ન થયેલા કષાયો ઉપર છે.

૧૯ ___ દેવ અને નારકોના શરીરમાં હાડકા હોતા નથી એટલે સેવાર્ત સંઘયણ કહેવાય.

૨૦ ___ મોહનીય કર્મના સત્તામાં ૨૮ ભેદો છે,

૨૧ ___ મરચા જેવો તીખો રસ શરીરમાં પ્રાપ્ત થાય તે "કટુરસ" નામ કર્મ કહેવાય

૨૨ ___ મિથ્યાદર્શન એટલે જ્ઞાન અને જ્ઞાનના સાધનોને હેય માનવા

૨3 ___ કેટલાક આચાર્યો સંઘાતન નામ કર્મના ૧૫ ભેદ ગણે છે.

૨૪ ___ મળેલા સાધનોથી પ્રાપ્ત થતાં સુખ કે દુઃખમાં, સુખબુદ્ધિ અથવા દુઃખબુદ્ધિ થવી તે રતિ-અરતિ મોહનીય કર્મ કહેવાય

૨૫ ___ આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ બધા જીવો પૂર્ણ કરે.

વિવેચન-૭૬

②



**ભાવાર્થ :** આપણે કર્મગ્રંથના આધારે નામકર્મની પ્રકૃતિઓ સમજીએ

નામકર્મની પ્રકૃતિઓના મુખ્ય ચાર વિભાગ છે.

પિંડપ્રકૃતિ - ૧૪, પ્રત્યેક પ્રકૃતિ - ૮, ત્રસ દશક - ૧૦ અને સ્થાવર દશક - ૧૦ એમ ૧૪ + ૮ + ૧૦ + ૧૦ = ૪૨

(૧) **પિંડપ્રકૃતિ :** બે, ત્રણ, ચાર, પાંચ વગેરે પ્રકૃતિઓનો જ્યાં પિંડ (સમૂહ) હોય તે પિંડ પ્રકૃતિ. કુલ ૧૪ છે.

(૨) **પ્રત્યેક પ્રકૃતિ :** જે એક એક હોય તે. કુલ ૮ છે.

(૩) **ત્રસ દશક :** ત્રસ નામકર્મ વગેરે ૧૦ પુણ્ય પ્રકૃતિઓ.

(૪) **સ્થાવર દશક :** સ્થાવર નામકર્મ વગેરે ૧૦ પાપ પ્રકૃતિઓ.

**નામકર્મ**

| પિંડપ્રકૃતિ (૧૪) | પિંડપ્રકૃતિના પેટા ભેદ | પ્રત્યેકપ્રકૃતિ (૮) | ત્રસદશક (૧૦) | સ્થાવરદશક (૧૦) |
|---|---|---|---|---|
| ૧. ગતિ નામકર્મ | ૪ | ૧. પરાઘાત | ૧. ત્રસ | ૧. સ્થાવર |
| ૨. જાતિ નામકર્મ | ૫ | ૨. ઉચ્છ્વાસ | ૨. બાદર | ૨. સૂક્ષ્મ |
| ૩. શરીર નામકર્મ | ૫ | ૩. આતપ | ૩. પર્યાપ્ત | ૩. અપર્યાપ્ત |
| ૪. અંગોપાંગ નામકર્મ | ૩ | ૪. ઉદ્યોત | ૪. પ્રત્યેક | ૪. સાધારણ |
| ૫. બંધન નામકર્મ | ૫/૧૫ | ૫. અગુરુ લઘુ | ૫. સ્થિર | ૫. અસ્થિર |
| ૬. સંઘાતન નામકર્મ | ૫ | ૬. તીર્થંકર | ૬. શુભ | ૬. અશુભ |
| ૭. સંઘયણ નામકર્મ | ૬ | ૭. નિર્માણ | ૭. સૌભાગ્ય | ૭. દૌર્ભાગ્ય |
| ૮. સંસ્થાન નામકર્મ | ૬ | ૮. ઉપઘાત | ૮. સુસ્વર | ૮. દુસ્વર |
| ૯. વર્ણ નામકર્મ | ૫ | | ૯. આદેય | ૯. અનાદેય |
| ૧૦. ગંધ નામકર્મ | ૨ | | ૧૦. યશ | ૧૦. અયશ |
| ૧૧. રસ નામકર્મ | ૫ | | | |
| ૧૨. સ્પર્શ નામકર્મ | ૮ | | | |
| ૧૩. આનુપૂર્વી નામકર્મ | ૪ | | | |
| ૧૪. વિહાયોગતિ નામકર્મ | ૨ | | | |


કુલ પેટા ભેદ ૬૫/૭૫

ઉપર મુજબ નામકર્મના ૧૪ + ૮ + ૧૦ + ૧૦ = ૪૨ ભેદ છે.


૬૫ + ૮ + ૧૦ + ૧૦ = ૯૩

૭૫ + ૮ + ૧૦ + ૧૦ = ૧૦૩

૩૯ + ૮ + ૧૦ + ૧૦ = ૬૭



છ પ્રકારના સંઘયણ તથા સમચતુરસ્ર સંસ્થાન




**વિકલેન્દ્રિય જીવોને માત્ર છેવઠ્ઠુ (સેવાર્ત) જ સંઘયણ હોય છે.** મનુષ્યના વૈક્રિય શરીરમાં, તિર્યંચના વૈક્રિય શરીરમાં અને પૂર્વધર મનુષ્યોના આહારક શરીરમાં પણ હાડકા ન હોવાથી સંઘયણ હોતા નથી.

# બંધન નામકર્મના ૧૫ ભેદ

(૧) ઔદારિક ઔદારિક બંધન
(૨) ઔદારિક તૈજસ બંધન
(૩) ઔદારિક કાર્મણ બંધન

(૪) વૈક્રિય વૈક્રિય બંધન
(૫) વૈક્રિય તૈજસ બંધન
(૬) વૈક્રિય કાર્મણ બંધન

(૭) આહારક આહારક બંધન
(૮) આહારક તૈજસ બંધન
(૯) આહારક કાર્મણ બંધન

(૧૦) ઔદારિક તૈજસ-કાર્મણ બંધન
(૧૧) વૈક્રિય તૈજસ-કાર્મણ બંધન
(૧૨) આહારક તૈજસ કાર્મણ બંધન

(૧૩) તૈજસ-તૈજસ બંધન
(૧૪) તૈજસ-કાર્મણ બંધન
(૧૫) કાર્મણ-કાર્મણ બંધન

# પિંડ પ્રકૃતિના ૩૯ ભેદ કેવી રીતે?

બંધનના પાંચ ભેદો અને સંઘાતનના પાંચ ભેદો, પાંચ શરીરની અંદર સમાવી લઈએ તો બંધન-સંઘાતનના ૧૦ ભેદો નીકળી જાય.

વર્ણ૧, ગંધ૧, રસ૧, સ્પર્શના૧ ૨૦ પેટા ભેદો ન ગણીએ અને ૪ જ ભેદો ગણીએ તો ૧૬ ભેદો નીકળી જાય.

એટલે ૬૫ - ૧૦ - ૧૬ = ૩૯

નામ કર્મના કુલ ૩૯ + ૮ + ૧૦ + ૧૦ = ૬૭

આ રીતે નામ કર્મના ૪૨, ૯૩, ૧૦૩ અને ૬૭ ભેદો થાય છે.

કોષ્ટક (નામકર્મનું)

| | | | | |
|---|---|---|---|---|
| પિંડપ્રકૃતિઓ | ૧૪ | ૬૫ | ૭૫ | ૩૯ |
| પરાઘાત આદિ | + ૮ | ૮ | ૮ | ૮ |
| ત્રસ દશક | +૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| સ્થાવર દશક | +૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| કુલ | ૪૨ | ૯૩ | ૧૦૩ | ૬૭ |

વિવેચન - ૪૯

| | જ્ઞાનાં. | દર્શના. | વેદ. | મોહ. | આયુ. | નામ | ગોત્ર | અંતરાય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બંધ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૦ |
| ઉદય | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| ઉદીરણા | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| સત્તા | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩<br>૧૦૩ | ૨ | ૫ | ૧૪૮<br>૧૫૮ |
| પુણ્ય | - | - | ૧ | - | ૩ | ૩૭ | ૧ | - | ૪૨ |
| પાપ | ૫ | ૯ | ૧ | ૨૬ | ૧ | ૩૪ | ૧ | ૫ | ૮૨ |